**ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ**
**પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦એ,**
**વડી કચેરી, ગાંધીનગર**

# <u>પરિપત્ર</u>

**વિષય:** મધ્ય પૂર્વની યુદ્ધની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગેસ/પ્રવાહી બળતણને બદલે Air Pollution Control Device(APCD) સાથે સોલિડ ફ્યુઅલ (ઘન બળતણ) ના વૈકલ્પિક ઉપયોગ માટેની મંજૂરી બાબત.

## ૧. સંદર્ભ:

વર્તમાન આંતરરાષ્ટ્રીય તણાવ અને મધ્ય પૂર્વ વિસ્તારમાં યુદ્ધની સ્થિતિને લીધે ગેસ તથા પ્રવાહી બળતણના ભાવમાં વધારો અને પુરવઠામાં વિક્ષેપ અથવા મર્યાદાની શક્યતા સર્જાઈ છે. છે. ઉદ્યોગોના ઉત્પાદન ઉપર પ્રતિકૂળ અસર ન પડે તે માટે, બોર્ડ દ્વારા ઉદ્યોગોને આ બળતનણ ના સ્થાને સોલિડ ફ્યુઅલ (જેમ કે બાયોમાસ,બ્રિકેટ્સ, કોલસો જેવા બળતણો) વાપરવાની મંજૂરી આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## ૨. મુખ્ય શરતો અને નિયમો

ઉદ્યોગોએ સોલિડ ફ્યુઅલનો ઉપયોગ કરતા પહેલા નીચેની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે:

- **બાયોફ્યુલ:** એકમ (Unit) દ્વારા ઘન બળતણ (Solid Fuel) ના ઉપયોગમાં એગ્રો-વેસ્ટ/બાયોફ્યુલ/બ્રિકેટ ને પ્રાથમિકતા આપવાની રહેશે
- **એર પોલ્યુશન કંટ્રોલ ડિવાઇસ (APCD):** ઘન બળતણના દહનથી થતા પ્રદૂષણ (PM અને $SO_2$ ) ને રોકવા માટે ઉદ્યોગોએ યોગ્ય APCD , જે MoEFCC/SEIAA દ્વારા મંજૂર થયેલ( EC પાત્ર કેસમાં) અન્યથા બોર્ડના પ્રવર્તમાન ગાઈડલાઈન અને નીતી અનુસાર લગાડવાના રહેશે.
- **ઉત્સર્જનના ધોરણો:** ચીમનીમાંથી નીકળતા ધુમાડામાં પદાર્થોનું પ્રમાણ (Particulate Matter - PM, $SO_2$, NOx) બોર્ડ દ્વારા નક્કી કરેલી મર્યાદામાં જ હોવું જોઈએ.
- **એશ હેન્ડલિંગ (Ash Management):** બળતણના દહન પછી પેદા થતી રાખ (Ash) ના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા હોવી જોઈએ.
- **CEMS:** પ્રવર્તમાન ગાઈડલાઈન અને નીતી અનુસાર જરૂરી હોય ત્યાં Continuous Emission Monitoring System (CEMS) સ્થાપિત કરવાનું રહેશે.

## ૩. પરવાનગી મેળવવાની પ્રક્રિયા

કોઈપણ ઉદ્યોગ નીચે મુજબની પ્રક્રિયા અનુસરીને બળતણ બદલી શકશે:

A. **Environmental Clearance(EC) મેળવેલ હોય તેવા કિસ્સામાં:**
સદર એકમ દ્વારા EC-Amendment ની અરજી કરવાની રહેશે તથા તે અરજી કર્યા બાદ Consent to Establishment (CTE)-Amendment ની અરજી કરીને માર્ગદર્શિકા અને નિતી મુજબ APCD બેસાડી સોલિડ ફ્યુઅલનો ઉપયોગ કરી શકાશે. એકમે Consolidated Consent & Authorisation(CCA)-Amendment પણ મેળવી લેવાની રહેશે. બોર્ડ દ્વારા આ અરજીઓ અગ્રતાના ધોરણે નિર્ણિત કરશે.

**B. ઉપરોક્ત (A) સિવાયના કિસ્સામાં:**

સદર એકમ દ્વારા બાદ Consent to Establishment(CTE)-Amendment ની અરજી કરવાની રહેશે તથા તે અરજી કર્યા બાદ અરજી કરીને માર્ગદર્શિકા અને નિતી મુજબ APCD બેસાડી સોલિડ ફ્યુઅલનો ઉપયોગ કરી શકાશે. એકમે Consolidated Consent & Authorisation(CCA)-Amendment પણ મેળવી લેવાની રહેશે. બોર્ડ દ્વારા આ અરજીઓ અગ્રતાના ધોરણે નિર્ણિત કરશે.

**C. કોમ્યુનિટી બોઈલર/કોમન બોઈલર:**

જે ઉદ્યોગો કોમ્યુનિટી બોઈલર દ્વારા સ્ટીમ મેળવી શકતા હોય તે એકમો બોર્ડ ની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય બોર્ડની મંજૂરી ધરાવતા કોમ્યુનિટી બોઈલર પાસેથી સ્ટીમ મેળવી શકશે. પરંતુ આવા એકમોએ Consolidated Consent & Authorisation(CCA)-Amendment અરજી કરી બાદમાં મંજૂરી લેવાની રહેશે. બોર્ડ દ્વારા આ અરજીઓ અગ્રતાના ધોરણે નિર્ણિત કરશે.

**મહત્વની નોંધ**

બોર્ડ દ્વારા જે બળતણને માન્યતા આપવામાં આવી નથી (Non-approved fuel), તેવા કોઈપણ બળતણનો ઉપયોગ પ્રતિબંધિત છે. તેનો ઉપયોગ કરવો નહિ. વધુમાં બોર્ડ દવારા નિયત કરેલ એમીશન નોર્મ્સ નુ પાલન તથા યોગ્ય APCD પ્રસ્થાપિત કરેલ હોય તે જરૂરી છે. જો કોઈ ઉદ્યોગ પર્યાવરણીય નિયમોનું ઉલ્લંઘન કરશે, તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને મંજૂરી પણ રદ થઇ શકે છે.

આ પરિપત્ર પ્રસિદ્ધ થયાની તારીખથી ૩ મહિના સુધી અમલમાં રહેશે. ત્રણ મહિનાના અંતે બોર્ડ દ્વારા તે સમયની પરિસ્થિતિ અને ગેસ/લિક્વિડ બળતણની ઉપલબ્ધતાની સમીક્ષા કરવામાં આવશે, ત્યારબાદ આ મુદત વધારવી કે નહીં તે અંગે નિર્ણય લેવામાં આવશે.

D.M.Thaker

**(ડી. એમ. ઠાકર)**
**સભ્ય સચિવ**

ક્રમાંક નં.: જી.પી.સી.બી/ P-1/160(2)/ 697115 તા. 30 MAR 2026

નકલ રવાના:

1. **માન. અધ્યક્ષશ્રીના** અંગત સચિવશ્રી
2. **માન. સભ્યસચિવશ્રીના** અંગત સચિવશ્રી
3. **તમામ યુનિટ હેડશ્રી**....સદર પરિપત્રને આપના કાર્યક્ષેત્રમાં અમલીકરણ તેમજ સદર અરજીઓને અગ્રતાના ધોરણે નિર્ણિત કરવા અર્થે
4. **તમામ પ્રાદેશિક અધિકારીશ્રી**...સદર પરિપત્રને આપના કાર્યક્ષેત્રમાં અમલીકરણ તેમજ એકમો/એસોસિયેશન માં પ્રસિધ્ધિ અર્થે તેમજ સદર અરજીઓને અગ્રતાના ધોરણે નિર્ણિત/ભલામણ કરવા અર્થે.